**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૬ ટકા

# આ વર્ષે પેરોડી, કપલ સ્ટેપ સાથે ગુજરાતી ડાકલા ખેલૈયાઓમાં હોટ ફેવરીટ

## યુવાનો અને મોટાઓ સાથે વર્તમાન અને પૂર્વ સનદી અધિકારીઓ પણ ગરબે ઘૂમવા ઉત્સાહિત

ગાંધીનગર, તા.૨૧

સૌનો પસંદગીનો તહેવાર નવરાત્રી જે માટે શહેરીજનો ઘણા દિવસોથી તૈયારી કરી રહ્યા છે. ટ્રેડિશનલ પોશાક, જવેલરીથી લઈ દરેક વસ્તુની ખરીદી થઈ રહી છે. આ ઉપરાંત ગરબે ઘૂમવા નવા નવા સ્ટેપ શીખવા ખેલૈયાઓ છેલ્લા ત્રણેક મહિનાથી ગરબા કલાસમાં તૈયારી કરી રહ્યા છે. શહેરમાં લગભગ વીસથી વધુ ગરબા કલાસીસ છે જયાં બેઝિકથી લઈ નવા સ્ટેપ સાથેના ગરબા શીખવવામાં આવે છે. દરરોજ નવા નવા ગરબા સ્ટેપની પ્રેકટીસ કરી ખેલૈયાઓ ગરબે ઘૂમી નવરાત્રીની રાહ જોઈ રહ્યા છે. યુવાનોથી લઈ મોટાઓ સાથે વર્તમાન અને પૂર્વ સનદી અધિકારીઓમાં પણ ગરબા રમવાનો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

શહેરમાં વિવિધ સોસાયટી અને ચોકમાં વર્ષોથી નવરાત્રીના નવ દિવસ ગરબા યોજાય છે. આ ઉપરાંત પાર્ટી પ્લોટમાં પણ વિશિષ્ટ ગરબા અને ગરબા સ્પર્ધાનું આયોજન થાય છે. શહેરીજનો ગરબે ઘૂમવા તથા નવા નવા ગરબા સ્ટેપ શીખવા ગરબા કલાસીસમાં જઈ ઘણા દિવસો અગાઉથી જ પ્રેકટીસ કરતાં હોય છે.

શહેરના જાણીતા ગરબા કલાસીસ ચલાવનાર સરગાસણ સ્થિત મોરલી કલાવૃંદના કેવલ ઠકકરના જણાવ્યા અનુસાર તેમના કલાસીસમાં ૧૫૦ વિદ્યાર્થીઓ ગરબા શીખવા આવે છે. દર વર્ષે આટલી સંખ્યામાં ખેલૈયાઓ આ કલાસમાં તૈયાર થાય છે. બાળકથી લઈ ૫૦ વર્ષની ઉંમરના મોટાઓ ગરબાના તાલે ઝૂમી નવરાત્રિના બેથી ત્રણ મહિના પહેલાથી નવરાત્રિના અગલા દિવસ સુધી કલાસીસમાં નવા સ્ટેપ શીખી પ્રેકટીસ કરે છે. કલાસીસમાં ખાસ હૂડો, રાસ, દોઢીયું, લંગડી રમવાનું દરેક વધુ પસંદ કરે છે આ વર્ષે ઐશ્વર્યા મજબુદાર અને કિર્તીદાન ગઢવીના ગરબા ઓન ડિમાન્ડ છે.





શહેરના ઈન્ફોસીટી સ્થિત મુરલી કલાસીસના કૃણાલ શાહ જણાવે છે કે, અમારા કલાસમાં છ વર્ષથી લઈ ૭૮ વર્ષ સુધીના મોટાઓ ગરબા રમવા આવે છે. ટીપીકલ ગરબાની સાથે બોલીવુડ સોંગ ઢોલીડા પર અમે આ વર્ષે ગરબા તૈયાર કરાવ્યા છે બાળકો સાથે મોટાઓને પણ આ વર્ષે નવરાત્રિમાં ગરબે ઘૂમવાનો ઉત્સાહ વધુ છે. અમારા ખેલૈયાઓને દોઢીયુ, ડબલ દોઢીયુ, પોપટિયુ, ગુપ્તી, રાસ, લંગડી રમવાનું વધુ ગમે છે. આ વર્ષે કપલ સ્ટેપ ઓનડિમાન્ડ છે. જો નવરાત્રિનો સમય ૧૨ વાગ્યાથી થોડો વિસ્તારીત કરવામાં આવે તો વધુ મજા પડે.

શહેરમાં ડાન્સ સ્પિરીટ સ્ટુડીયો ચલાવતા ડોલી ઠકકર જણાવે છે કે સોનાની સાયકલ અને પાટણ શેરની... ગરબો ખેલૈયાઓ માટે હોટ ફેવરિટ છે. કલાસમાં બાળકથી લઈ ૫૦ વર્ષ સુધીના મોટાઓ ગરબે ઘૂમે છે. તેમને સુરતી, હુડો, લંગડી, દોઢીયુ, ડબલ દોઢીયુ, ફ્રી સ્ટાઈલ અને પેરોડી ગરબા સ્ટાઈલ શીખવવામાં આવી છે. આ વર્ષે પેરોડી સ્ટેપ રમવા ખેલૈયાઓ વધુ ઉત્સાહીત છે. તથા ગુજરાતી ડાકલા અને જંપ સાથેના ફાસ્ટ ગરબા રમવાનો યુવાનો વધુ આગ્રહ રાખે છે.

# ચરેડી રેલ્વે ફાટક પાસેથી દારૂ ઝડપાયો



ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ચરેડી રેલ્વે ફાટક પાસેથી ક્રેટા કારમાંથી વિદેશી દારૂની ૩૯૬ બોટલ, કાર, મોબાઈલ મળીને કુલ રૂ. ૬,૪૧,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી એક ઈસમની ધરપકડ કરી એલસીબી-૨ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ ના ઈન્ચાર્જ પીઆઈ વાય.જે. રાઠોડની ટીમના પીએસઆઈ પી.ડી.વાઘેલા તેમજ ટીમના સભ્યો ગત રાત્રીના પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પો.કો.પ્રવિણસિંહ જીતેન્દ્રસિંહને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે વિજાપુર તરફથી દારૂ ભરેલી સફેદ કલરની ક્રેટા ગાડી આવી રહી છે અને તે પ્રેસ સર્કલ થઈને અમદાવાદ તરફ જવાની છે. જેને પગલે એલસીબી પોલીસે ચરેડી રેલ્વે ફાટક પાસે વોચમાં હતા. તે સમયે બાતમીવાળી કાર દેખાતા પોલીસે બેરીકેટસ આડશ ઉભી કરીને કારને ઉભી રખાવી હતી. કાર નં. જી.જે.૦૧.આર.એકસ.-૦૫૬૭ તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૩૯૬ બોટલ તેમજ ૩૬ નંગ ખુલ્લી બોટલ, ૭૨ બિયરના ટીન મળી કુલ કિં.રૂ.૧,૩૬,૮૦૦ અને રૂ.૫ લાખની ક્રેટા કાર સહિત મોબાઈલ નંગ-૧ કિંમ.રૂ.૫૦૦૦ મળીને કુલ રૂ.૬,૪૧,૮૦૦ ના મુદ્દામાલ સાથે કરન દેવીસિંહ સિસોદીયા (ઉં.વ.૨૨, રહે.કપુરાવતબાડા, પો.અદકાલીયા,તા.સલુમ્બર રાજસ્થાન) ને પકડી પાડી તેની વિરૂધ્ધ સે-૨૧ પોલીસ મથકમાં પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે દારુ કયાંથી લાવવામાં આવ્યો હતો અને કોણે આપવાનો હતો તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ભરબપોરે ચ-૩ પાસે બે શખ્સો મહિલાના કાનમાંથી બુટ્ટીઓ લઈ ફરાર

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગ ગણાતા ચ -૩ પાસે ભર બપોરે એક ચાલતી જતી મહિલાના કાનમાંથી કુંડળ બે શખ્સો લઈ ગયા છે. સોનાના દોઢ તોલાના કુંડળને પગલે મહિલાએ ફરીયાદ નોધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના રંગપુર ગામના અમરબેન રાજેન્દ્રસિંહ ચાવડા આજે બપોરે બસમાં બેસીને ગાંધીનગર એસટી ડેપો ઉતર્યા હતા. ત્યારબાદ તેઓ ચાલતા ચાલતા તેમના સેકટર-૮ ખાતે રહેતા દિકરીને ઘરે જવા માટે પગપાળા જઈ રહ્યા હતા તે સમયે ચ-૩ પાસે બે શખ્સોએ કયાં જવું છે તેવી પુછપરછ કરી હતી ત્યારબાદ તેઓ બંને શખ્સો તેમની પાછળ ચાલતા ચાલતા આવતા હતા તેમ ફરીયાદી મહિલા જણાવી રહ્યા છે. ત્યારબાદ મહિલાના કાનમાં પહેરેલા બુટ્ટીઓ ગાયબ હતી. મહિલાના જણાવ્યા મુજબ તેઓ અર્ધબેભાન હોયતેમ લાગી રહ્યું હતું. તેઓને ૧૦ મીનીટ સુધી કંઈ ખબર પડી ન હતી. તેઓએ દોઢ તોલાના કુંડળ ગુમાવ્યા હતા. ત્યારબાદ તેઓ દિકરીના ઘરે ગયા હતા અને દિકરી તેમજ જમાઈને આ બનાવ અંગે વાત કરતા દિકરી અને જમાઈએ સેકટર-૭ પોલીસ મથકે લઈ ગયા હતા જયા અમરબેન ચાવડાએ ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજને પગલે તપાસ હાથ ધરી છે.

## નર્મદા શ્રમ અને સેવા શિબિરમાં સહભાગી થવા માંગતા ગાંધીનગરના નગરજનો જોગ

ગાંધીનગર, તા.૨૧

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર તેમજ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, નર્મદાના સંયુક્ત ઉપક્રમે 'નર્મદા શ્રમ અને સેવા શિબિર' નું આયોજન કેવડિયા કોલોની, નર્મદા ખાતે કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં નર્મદા યોજના તથા પર્યાવરણને લગતું શ્રમ કાર્ય, નર્મદા યોજના અંગેની વિસ્તૃત માહિતી, ચર્ચા, સભા, પ્રવચન જેવા વગેરે કાર્યક્રમો યોજાશે. યુવક-યુવતીઓ કે જે ઓ તા. ૩૧મી જુલાઇ, ૨૦૧૯ ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય તેવા અને આ શ્રમ કાર્યમાં જોડાવવા માંગતા હોય તેઓએ તેમની અરજી તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીમાં જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સી- વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ તમામ આધાર પુરાવા સાથે અરજી આપવાની રહેશે. વધુ માહિતી માટે કચેરીના ફોન નંબર – ૦૭૯- ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.

## એસ.જી. અંગ્રેજી માધ્યમ શાળાના ધોરણ-૮ ના વિદ્યાર્થીઓએ ખોજ મ્યુઝીયમની મુલાકાત લીધી





ગાંધીનગર, તા.૨૧

એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૮ના ૩૦૦ વિદ્યાર્થીઓએ અમદાવાદનાં નારણપુરા વિસ્તારમાં આવેલ ખોજ મ્યુઝીયમની મુલાકાત લીધી હતી. ત્યાં વિદ્યાર્થીઓને બબલ્સ કેવી રીતે બનાવવા તેમજ એનિમેશન વિષે વિવિધ માહિતી આપી હતી તેમજ વિવિધ ઔષધિ વિષે પણ માહિતી આપવામાં આવી હતી. આ મુલાકાતમાં વિદ્યાર્થીઓ સાથે જે તે વર્ગના શિક્ષક પણ જોડાયા હતા.



ખેલ મહાકુંભ ૨૦૧૯ અંતર્ગત ગાંધીનગર જિલ્લા કક્ષાની ચેસ ટુર્નામેન્ટ પી.આર. ઠકકર વિદ્યાવિહાર મગોડી ખાતે યોજાઈ હતી. સ્પર્ધામાં સિનિયર સિટીઝને ચેસ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. વિજેતા સ્પર્ધક હવે ગાંધીનગર જિલ્લાનું રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે. આ ટુર્માનેન્ટના આયોજન બદલ કન્વીનર જે.બી. ચૌધરીને સર્વે સિનિયર સિટીઝન વતી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.



જે.એમ. ચૌધરી વિદ્યાલય ખાતે આજે ગાયત્રી પરિવાર દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા યોજાઈ હતી. જેમાં ધો-૧૦ની કુલ ૧૪૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ પરીક્ષા શાળાના સરોજબેન દેસાઈ દ્વારા લેવામાં આવી હતી જેને શાળાના આચાર્યશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

## દત્ત મંદિર સે-૨૮ ખાતે શ્રીમદ ભાગવત કથા યોજાશે

ગાંધીનગર, તા.૨૧

રંગ અવધૂત પરિવાર ટ્રસ્ટ દ્વારા ગોસ્વામી સંજય ભારતીજી દ્વારા તા. ૨૧ સપ્ટેમ્બરથી ૨૭ સપ્ટેમ્બર સુધી બપોરે ૩ થી ૬ દરમિયાન શ્રીમદ ભાવગત કથા સે-૨૮ સ્થિત દત્ત મંદિર ખાતે યોજાશે. સંસ્થા દ્વારા નગરજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં 'હેલ્પર્સ ડે' ઉજવાયો હતો. જેમાં બાળકો વિવિધ પ્રકારના સોશિયલ હેલ્પર્સ જેવા કે પોલીસમેન, ડોક્ટર, કમાન્ડો, ટીચર, કાર્પેન્ટર, મિલ્કમેન, ગ્રીન ગ્રોસર, આર્મી વગેરે જેવી વેશભૂષામાં તૈયાર થઈને આવ્યા હતા. શિક્ષિકાઓએ બાળકોને વિવિધ હેલ્પર્સ આપણી કેવી રીતે હેલ્પ કરે છે તે તથા તેમનું મહત્વ પણ સમજાવ્યું હતું. આમ શિક્ષિકાઓએ બાળકોને આપણાં સોશિયલ હેલ્પર્સ વિષે માહિતગાર કર્યા હતા. શિક્ષિકાઓ તથા બાળકોએ ખુબજ ઉત્સાહ પૂર્વક 'હેલ્પર્સ ડે' ઉજવ્યો હતો.

# કડી સર્વ વિશ્વ વિદ્યાલયના યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૯'નું સમાપન








ગાંધીનગર, તા.૨૧

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન દ્વારા આંતર કોલેજ યુવક મહોત્સવ 'સંગત-૨૦૧૯'ના બીજા દિવસે શનિવારે યોજાયેલી વિવિધ સ્પર્ધાઓમાં ૩૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. કવીઝ, વકતૃત્વ સ્પર્ધા, માઈમ, મીમીક્રી, પોસ્ટર મેકીંગ વગેરે સ્પર્ધાઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. સમાપન સમારોહ પૂર્વે બીજા દિવસે કડી કેમ્પસમાં રંગબેરંગી વેશભૂષામાં યુવાધન ઉભરાયું હતું. આ યુથ ફેસ્ટીવલનું સમાપન સાંજે ૩ થી ૬ દરમિયાન કરવામાં આવ્યું હતું. સમાપન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યું હતું કે યુથ ફેસ્ટીવલ એટલે નવી પ્રવૃત્તિ, નવા વિચાર અને તક મળે તેનો આ પુરુષાર્થ છે. આ હેતુસર યુવક મહોત્સવનું આયોજન જરુરી છે. આ પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલે યુથ ફેસ્ટીવલમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. ૧૮, ૧૯, ૨૧ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલા આ યુવક મહોત્સવમાં ૧૧૩૦ જેટલા વિદ્યાર્થીઓએ ૨૮ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેને ૩ હજારથી વધુ યુવાઓએ મન ભરીને માણ્યો હતો. વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાન મેળવનાર કલાકારોને ટ્રોફી અને સર્ટીફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. યુવક મહોત્સવને સફળ બનાવવા બદલ સંયોજક સંસ્થા ફેકલ્ટી ઓફ એજયુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલે સંસ્થાના પદાધિકારીઓ, જુદી જુદી કોલેજના કલ્ચરલ કો-ઓર્ડીનેટરો, સ્પર્ધકો, સઘળી સ્પર્ધાઓના નિર્ણાયકો અને તમામ કોલેજ સ્ટાફ પ્રતિ આભાર વ્યકત કર્યો હતો.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

- ડ્રીમગર્લ
  ૧૦.૩૦, ૧.૨૦, ૪.૧૦, ૭.૦૦, ૯.૫૦
- છીછોરે
  ૯.૪૦, ૧૨.૪૫, ૩.૫૦, ૬.૫૫, ૧૦.૦૦
- ધ ઝોયા ફેક્ટર
  ૧.૩૦, ૭.૨૦
- રેમ્બો : લાસ્ટ બ્લડ
  ૧૨.૧૦, ૮.૫૦
- પલ પલ દિલ કે પાસ
  ૯.૦૦, ૨.૩૦, ૫.૪૦, ૧૧.૧૦
- પ્રસ્થાનમ્
  ૧૦.૩૦, ૪.૨૦, ૧૦.૧૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

- ડ્રીમગર્લ
  ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦
- પ્રસ્થાનમ્
  ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૧૫
- ધ ઝોયા ફેક્ટર
  ૧.૪૦, ૪.૩૦, ૭.૨૦, ૧૦.૧૦
- પલ પલ દિલ કે પાસ
  ૯.૪૫, ૧૨.૫૦, ૭.૨૫, ૧૦.૩૦
- છીછોરે
  ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
- સાહો
  ૩.૫૫
- ચાસણી (ગુજરાતી)
  ૧.૦૦

## ઈન્ટર ડિસ્ટ્રીકટ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ટેબલ ટેનીસ ગાંધીનગર એસોસીએશન દ્વારા આગામી તા. ૨ ઓકટોબરથી ૬ ઓકટોબર ૨૦૧૯ દરમિયાન ગાંધીધામ ખાતે રમાનાર ઈન્ટર ડિસ્ટ્રીકટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે (અંડર-૧૭ બોઈઝ અને ઓપન એઈજ) માટે ટીમનું સિલેકશન કરવામાં આવનાર છે. તો આ માટે એસોસિએશનના મંત્રી દિવ્યાબેન પંડયા મો. ૯૭૧૪૭૯૭૪૦૦નો સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## આજે વડનગરા નાગર મંડળ દ્વારા ઓપન ગુજરાત નાગર બેઠા ગરબા સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૧

શ્રી વડનગરા નાગર મંડળ, ગાંધીનગર દ્વારા ૨૨મી સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ શેઠ શ્રી ખીમજી વિસરામ સંસ્કાર ભવન ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ કેમ્પસ, સે-૨૩ ખાતે બપોરે ૨ થી ૬.૩૦ દરમિયાન નાગર જ્ઞાતિની પ્રાચિન પરંપરાને નવી પેઢી સમક્ષ ઉજાગર કરતો કાર્યક્રમ 'ઓપન ગુજરાત નાગર બેઠા ગરબા સ્પર્ધા' યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે સંસ્થા દ્વારા રાજયના વિવિધ જ્ઞાતિ મંડળોને ભાગ લેવા નિમંત્રિત કરેલ હતા. તેમાં સમગ્ર ગુજરાત રાજયમાંથી રાજકોટ, જામનગર, અમદાવાદ, ભરૂચ, ગાંધીનગર, વલ્લભ વિદ્યાનગર, નડિયાદ અને વડોદરા જેવા જિલ્લાઓમાંથી ૧૬ ટીમ ભાગ લેવા પધારશે. નગરજનોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ પ્રહર અંજારીયા દ્વારા જણાવાયું છે.

## આજે ગાંધીનગરમાં

- સંસ્કાર ગૃપ દ્વારા સાંજે ૬.૨૦થી ૭.૩૦ સે-૭બગીચા પાસે બાળકો માટે લંગડી અને ખો-ખોની રમત યોજાશે.

## ચિરવિદાય

- સ્વ. મરાઠી કમલાબેન, ઉ.વ. ૭૦
- સ્વ. રૂમાલસંગ ફુલસંગ સોલંકી, ઉ.વ. ૬૦